સ્વામિશ્રીજી



## વિક્રમ સંવત ૨૦૭૬ની દીપોત્સવીના મંગલ પર્વે શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી શારદાપૂજનના શુભ અવસરે સદ્‌ગુરુ પરમ પૂજ્ય શાંતિદાદાના હૃદયોદ્‌ગારો... પ્રાર્થના, સંકલ્પ અને આશીર્વાદરૂપે જીવવા માટે પ્રસાદ !

'અક્ષરરૂપ થવું છે... અને પરબ્રહ્મની સેવા કરવી છે.'
10 વર્ષના અક્ષરમુક્ત બાળકનો આ સંકલ્પ છે
નૂતન વર્ષે આપણો આ સંકલ્પ બની રહે.
વિતેલા વર્ષમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ માણ્યો
સૌએ ખૂબ સેવાઓ કરી પ્રભુને પ્રસન્ન કર્યા
સાહેબજીના વચને તન મન ધનથી સેવાઓ કરી
ઉત્સવમાં સૌ પધાર્યા ને જીવનભરની સ્મૃતિ લૂંટી
એકતા સુહૃદભાવનાં દર્શન કર્યાં ને કરાવ્યાં
પ્રત્યક્ષના ઉપાસકો સૌએ ઉપાસના જીવી બતાવી
સાહેબજી પ્રગટ ને પ્રત્યક્ષ સ્વરૂપ છે તે માન્યું
તો તેમના વચને કુરબાની ધરી
ખમી નમી સૌનો મહિમા સમજી સેવાઓ કરી
ખમ્યા નમ્યા તો દાસત્વભાવ દૃઢ થયો
સંબંધનો મહિમા સમજ્યા તે સિદ્ધ થયું
સાહેબજીને રાજી કર્યા તે અહોભાવ થયો.
ભવ્ય મંદિરે દિવ્ય ઉપાસ્ય સ્વરૂપો બિરાજ્યાં
શ્રીજી સ્વામીનાં પ્રગટ સ્વરૂપો પણ પધરાવ્યાં
સાહેબજીની ગુણાતીત સ્થિતિનાં દર્શન કરી ધન્ય થયા
સંબંધવાળાં સૌ અમારાં તે જ્ઞાન સિદ્ધ થયું
સમગ્ર ગુણાતીત સમાજના મુક્તોએ જ્ઞાન જીવી બતાવ્યું
સાહેબજી અપરંપાર રાજી થયા ને આશિષ વરસાવ્યા
'કોરોના' મહામારી દેશમાં ને વિદેશમાં વ્યાપી
સૌ ભક્તોને ભગવાનને નજીકથી માણવાનો સમય મળ્યો
પ્રભુ પ્રભુસ્વરૂપો ને મુક્તોનો મહિમા સમજવા અવસર ગણ્યો
સાહેબજી ને સંતોના વચને ભક્તિમાં જોડાયાં
સભાઓ થઈ મહિમાગાન થયાં ને બળ મળ્યાં
ઉપાસનાની શુદ્ધિ સમજાઈ ને દૃઢતા થઈ
હવે સાહેબજીના સ્વરૂપને યથાર્થ ઓળખી લેવું છે

સાહેબજી–શ્રીજી સ્વામીનાં સૌના દાસ બની જવું છે
સાચા ગુણાતીત સેવક બની સૌની સેવા કરી લેવી છે
તેવા શુભ સંકલ્પો કરી અધ્યાત્મ જીવવા સંકલ્પ કર્યા
મહામારીને પ્રભુ પ્રેરિત માની પ્રભુનો કર્તાહર્તાભાવ સ્વીકાર્યો
પાંચ પાંચ સંતોએ દેહલીલા સંકેલી
સમગ્ર સમાજને દુઃખ જરૂર થયું... આંચકો લાગ્યો.
સૌએ જે જ્ઞાન લાધ્યું તેને અનુસરી ભજન–પ્રાર્થનાનો સહારો લીધો
તેવા સંતો માટે આર્થિક સેવાનો લાભ લીધો
સંતોની સ્મૃતિ કરી સૌના જીવનનો મહિમા સમજ્યા ને ગાયો
દુઃખદ પ્રસંગને સાધનાના ભાગ રૂપ સ્વીકાર્યો.
વિવિધ ઉત્સવો પણ સમયને ઓળખી ઉજવ્યા
શ્રી ઠાકોરજી અને સંતોનાં દર્શન માનસીમાં કરી સંતોષ માન્યો
સૌના હૈયે દર્શન કરી લેવા તાલાવેલી જાગી છે
તે પણ કહેતાં કહેતાં... સાહેબજીની આજ્ઞા પાળવી જ છે
તેઓશ્રીએ હમણાં રાહ જોવા કહ્યું તે કરવું જ છે તેવો ભાવ બતાવે છે
ત્યારે તે સૌને વંદન થઈ જાય છે.
સૌની દૃષ્ટિ સાહેબજી ને સંતો પ્રતિ છે... રાખે છે.
સૌ સંતો મુક્તોને અમારા લાખ લાખ વંદન છે... પ્રણામ છે.
હવે નૂતન વર્ષ આવે છે તેનું સ્વાગત કરીએ.
'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ...' અને
'અમારે અક્ષરરૂપ થવું છે ને પુરુષોત્તમની સેવા કરવી છે'
આ મંગલ જ્ઞાનસૂત્રોના આકારે થઈ જવા સંકલ્પ કરીએ
આ જ્ઞાન જીવનની પ્રતિપળ જીવી સાહેબજીને રાજી કરવા છે
નૂતન વર્ષ ૨૦૭૭ પ્રારંભે આ સંકલ્પ કરી આખું વર્ષ જીવન જીવીએ
તે માટે સૌને બળ મળે તે પ્રાર્થના કરીએ છીએ.
આપ સૌને 'નૂતન વર્ષાભિવંદન' પાઠવીએ છીએ
સંતભગવંત સાહેબજીના શુભ આશીર્વાદ સાથે,

સર્વ સંતો વતી સાધુ અશ્વિનદાસ, સાધુ રતિલાલદાસ, સાધુ દિલીપદાસ ને સૌના જય સ્વામિનારાયણ !

**૧૪.૧૧.૨૦૨૦... દીપાવલી મંગલપર્વો... ૨૦૭૬**